### અરવલ્લી જિલ્લામાં પદાધિકારીનો ઉઘરાણાનો ખેલ

## પુત્ર કહે કેટલું ઉઘરાણું કરો છો... જે કરો તેમાં વધારો કરી અમોને ભાગ આપો..!! : કમલમ્

## ગાંધીનગર સુધી ફરીયાદ પહોંચી

બાયડ, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં પદાધિકારીના પુત્રએ ઉઘરાણાનો ખેલ શરૂ કર્યાની ગરમાગરમ લોકચર્ચા છે. જેમાં જે તે વિભાગના અધિકારીને કેટલું ઉઘરાણું કરો છો તેવો સોસરવો સવાલ કરી જે કંઈ ઉઘરાણું કરો છો તેમાં વધારો કરી અમોને ભાગ આપો..!! તેવું સ્પષ્ટ કહેવામાં આવતાં આ મામલે કમલમ્-ગાંધીનગર સુધી ફરીયાદ પહોંચ્યાની ચર્ચા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં આગામી વર્ષના અંતમાં ૩ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે જિલ્લાની પ્રજા-ગરીબ પરીવારો જિલ્લાના પદાધિકારીઓથી ખુશ છે ખરા..!! જિલ્લામાં દરેક ક્ષેત્રના વહીવટમાં પ્રજાનો અસંતોષ વધી રહ્યો છે. કેટલાંક કિસ્સામાં પદાધિકારીના સગાઓ મળ્યુ છે કે મળવાનું છે તેમ માની છેલ્લી પાટલીના ઉઘરાણા શરૂ કર્યા છે. જેમાં પદાધિકારીના પુત્રનો મેઘરજ-માલપુર-ભિલોડા-બાયડ વિસ્તારમાં સૌથી વધુ ત્રાસ હોવાની ગરમાગરમ ચર્ચા છે. જગ જાહેર રોફ જમાવતા પુત્રની ચર્ચાઓ છતાં પણ જિલ્લા ભાજપા સંગઠન કેમ ચૂપ બેઠુ છે તે પ્રજા અને પ્રબુધ નાગરીકોને સમજાતું નથી. કેટલાક ત્રાસેલા અધિકારી-કર્મચારીઓ હવે મુખ્યમંત્રીને મળીને પદાધિકારી પુત્રના કરતૂતોથી વાકેફ કરવાનું વિચારી રહ્યા છે. જિલ્લામાં મોટાભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપા પાસે સત્તા છે ત્યાં જ ભ્રષ્ટાચારના સંગીન આરોપ લાગતાં આગામી દિવસમાં કોંગ્રેસ તેને ચૂંટણીનું મુખ્ય હથિયાર બનાવે તેવી પૂરેપૂરી સંભાવના છે.

### અધિકારીઓને આદેશ આપતો પુત્ર કોણ !!

જિલ્લામાં પદાધિકારીના પુત્રનો સરેઆમ ભાગબટાઈનો ખેલ શરૂ થયો છે. નિષ્ઠાવાન અધિકારીઓને તો કોને ફરીયાદ કરવી તે જ સુજતુ નથી ત્યારે અધિકારીઓને આદેશ આપવા પુત્રને કોણે છુટોદોર આપ્યો છે..!! તેની ભાજપા હાઈ કમાન્ડે તપાસ કરવી રહી. અરવલ્લી જિલ્લામાં દેખાય છે તેટલું સારૂ નથી તે પ્રદેશ નેતાગીરી સમજી લેશે તો વિધાનસભા ચૂંટણીમાં મુશ્કેલી નહી પડે અન્યથા હોતી હૈ... ચલતી હૈ... ચાલશે તો ફરી ત્રણેય બેઠકો ગુમાવવાનો વારો આવશે... પુત્રની મનમાની ઉપર લગામ કસવાનો સમય પાકી ગયો છે.

# બધી તૈયારીઓ થઈ ગઈ, તંત્ર ધંધે લાગ્યું અને પરીક્ષા રદ

### જિલ્લામાં આયોજીત બિનસચિવાલય કલાર્કની પરીક્ષા રદ જતાં અધિકારીઓની મહેનત પાણીમાં : છેલ્લા ૨૦ દિવસથી પરીક્ષા સંકલનની કામગીરીથી અન્ય કામ ખોરંભે

બાયડ, તા. ૧૧

બિનસચિવાલય કલાર્કની પરીક્ષા ફરી એક વખત રદ જતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગની પાછલા ૨૦ દિવસની મહેનત પાણીમાં ગયા જેવી સ્થિતિ છે. બંને જિલ્લાના પરીક્ષા કેન્દ્રો, સી.સી. ટીવી કેમેરાની ચકાસણી અને ઝોનલ અધિકારીઓની નિયુક્તિ સહિતની કામગીરી આટોપી લેવાઈ હતી અને આગામી તા.૧૩ ફેબ્રુઆરીએ બિનસચિવાલય કલાર્કની પરીક્ષા યોજવાનું સંપૂર્ણ આયોજન તૈયાર થયું જ્યાં ગત રાત્રે વિવાદિત બિનસચિવાલય કલાર્કની પરીક્ષા સતત ત્રીજી વખત રદ થતાં બેરોજગાર ઉમેદવારોમાં દેકારો મચ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠાના ૧૩૨ પરીક્ષા કેન્દ્રો ઉપર ૪૬ હજાર અને અરવલ્લીના પરીક્ષા કેન્દ્રો ઉપર ૨૧ હજાર ઉમેદવારો ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત બિનસચિવાલય કલાર્ક અને સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ ની તા.૧૩ ફેબ્રુઆરીએ યોજાનારી પરીક્ષામાં બેસવાના હતા જે પૂર્વે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષાના સુચારૂ આયોજન માટે સતત બેઠકોનો દોર શરૂ થયો હતો. બંને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની નિગરાની હેઠળ યોજાનારી પરીક્ષાનું સંપૂર્ણ આયોજન પૂર્ણ કરવાની સાથે પરીક્ષા કેન્દ્રમાં કામગીરી માટે મૂકવામાં આવેલા કેન્દ્ર સંવાહકોની મીટીંગો પણ પૂર્ણ કરવામાં આવી હતી. કેવી રીતે પરીક્ષાનું આયોજન કરવું અને પેપર લીક પ્રકરણથી જિલ્લા ઉપર જે કાળી ટીલી લાગી છે તેવા બનાવો ન બને તેની તકેદારી પણ રાખવાની હતી. દરેક પ્રકારના આયોજનો પૂરા થયા પછી રવિવારે જિલ્લાના કુલ-૧૯૨ પરીક્ષા કેન્દ્રો ઉપર ૬૭,૨૭૦ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા પરંતુ એકાએક વિવાદિત બનેલી બિનસચિવાલય કલાર્કની પરીક્ષા સતત ત્રીજી વખત રદ થતાં અનેક અટકળો ચાલી રહી છે. પરીક્ષા રદ કરવાનું કોઈ કારણ સત્તાવાર રીતે જાહેર કરાયું નથી. પરંતુ પરીક્ષા રદ થતાં છેલ્લા દોઢ વર્ષથી તૈયારી કરતા બેરોજગાર ઉમેદવારો નિરાશ થયા છે.

## સૂરપુરપાદરમાં રાત્રે ઘરમાં ઘૂસી વિધવા સાથે દુષ્કર્મ

મેઘરજ તાલુકાના અંતરીયાળ સૂરપુરપાદર ગામે રાત્રિના સમયે વિધવા મહિલાના ઘરમાં ઘૂસી મોડાસા તાલુકાના કુડોલઘાંટા ગામના ઈસમે દુષ્કર્મ આચરતાં ફિટકારની લાગણી વરસી છે. બનાવ અંગે ઈસરી પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

છેલ્લા કેટલાક સમયથી છેડતી પછી દુષ્કર્મના બનાવોમાં ઉછાળો આવતો જાય છે. ખાસ કરીને અંતરીયાળ વિસ્તારોમાં મહિલાઓની સુરક્ષા દાવ પર મૂકાઈ છે. મેઘરજ તાલુકાના સૂરપુર પાદર ગામે પછી પરિવારની વિધવા મહિલા તા. ૯ ના રોજ ઘરમાં નિંદ્રાવશ થઈ હતી જે દરમ્યાન મોડાસાના કુડોલઘાંટા ગામના દિનેશ ધૂળાભાઈ ખાંટે વિધવાના ઘરમાં પ્રવેશી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. પરિવારના અન્ય સભ્યો ઘેરી નિંદ્રામાં હતા જે દરમ્યાન હવસખોરે તકનો લાભ ઉઠાવી વિધવા સાથે બળજબરી કરી શિયળ લૂંટતાં સનસનાટી મચી છે. બનાવ અંગે ભોગ બનનારની ફરિયાદના આધારે ઈસરી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લામાં ઠંડીના અભિમાન ઉપર બ્રેક, ઉંચકાતો તાપમાનનો પારો

### બપોરે ગરમીથી પંખા-એસી સહિતના ઉપકરણો ધમધમ્યા

બાયડ, તા. ૧૧

જિલ્લામાં ઠંડીના અભિમાન ઉપર છેલ્લા બે દિવસથી બ્રેક વાગી છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીએ સ્થિર થયું છે. જ્યારે બપોરે તાપમાનનો પારો ૩૦ ડિગ્રીને આંબતાં ગરમીથી પંખા, એસી સહિતના ઉપકરણો ધમધમ્યા છે. જ્યારે ઠંડા પીણાના વેચાણમાં હવે ઉછાળો આવી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહ સુધી કાતિલ ઠંડીની હાજરી જોવા મળી. ઠંડીની લાંબી ઈનિંગથી ખરીફ પાકોને ભરપૂર ફાયદો થયો. પરંતુ પ્રજાના આરોગ્યને ઠંડીએ અસર કરતાં બિમાર પડયા હતા. દરરોજ રાત્રે ઠાર પડવાની સાથે ઠંડીની તિવ્રતા વધતાં મિશ્ર ઋતુનું વાતાવરણ ઉભું થયું છે. દિવસે ગરમી-રાત્રે ઠંડીના કારણે તાવ, શરદી, ઉધરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ હવે અગાઉ કરતાં ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે જેથી પ્રજા એકાદ-બે દિવસમાં જ રાત્રે પણ ગરમ વસ્ત્રો હટાવે તેવી સ્થિતિ આવી શકે છે. પાછલા ૨ દિવસથી દિવસે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રીને આંબ્યા પછી ગુરૂવારે કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૩૦ ડિગ્રીને આંબતાં હવે ઉનાળો શરૂ થયો હોય તેવું પ્રજા અને વેપારીઓને લાગી રહ્યું છે. બપોરે એકાએક તાપમાનનો પારો ઉંચકાતાં રહેણાંક તથા ધંધાના સ્થળે પંખા સહિત ઠંડક આપતાં ઉપકરણો લાંબા સમય પછી જીવંત બન્યાં છે.

## ભિલોડાના કોરોનાગ્રસ્ત ધારાસભ્યની હાલત કથળી, એર એમ્બુલન્સ દ્વારા ચેન્નાઈ ખસેડાયા

બાયડ, તા. ૧૧

ભિલોડાના કોંગ્રેસી ધારાસભ્ય કોરોનાગ્રસ્ત થયા પછી છેલ્લા ૧૦ દિવસથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા જ્યાં તેમના ફેફસાંમાં વધુ ખરાબી થતાં તાત્કાલિક એર એમ્બુલન્સ દ્વારા ચેન્નાઈની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ધારાસભ્યની હાલત કથળતાં તેમના સમર્થકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

ટ્રાયબલ વિસ્તારની પ્રજા માટે હરહંમેશ રાજ્ય સરકાર સમક્ષ અવાજ ઉઠાવી રજૂઆત કરતા ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા સતત લોક સંપર્કમાં રહેતા હોવાથી તેઓ કોરોનાગ્રસ્ત થયા હતા જેમાં તેમની હાલત કથળતાં સારવાર માટે અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં ૧૦ દિવસની સારવાર છતાં ફેફસાંમાં વધુ ઈન્ફેક્શન થવાથી હાલત વધુ નાજૂક બની જેથી ધારાસભ્યને વધુ સારવાર અર્થે ચેન્નાઈની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ખાસ એર એમ્બુલન્સ મારફતે ધારાસભ્યને ચેન્નાઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાના અહેવાલ પ્રસરી જતાં તેમના સમર્થકોમાં ચિંતા ફેલાઈ છે.

### મિશ્ર ઋતુએ દાટ વાળ્યો

# સાબરકાંઠા-અરવલ્લીના બે લાખ લોકો વાયરલ બિમારીના સકંજામાં

### હોસ્પિટલ-દવાખાના દર્દીઓથી ઉભરાયા : પેરાસિટામોલ-એન્ટીબાયોટીક-કફ શીરપનું વેચાણ વધ્યુ

સાબરકાંઠા-અરવલ્લીમાં પાછલા ૬ દિવસથી દિવસે ગરમી-રાત્રી ઠંડીના કારણે મિશ્ર ઋતુ શરૂ થઈ છે. મિશ્ર ઋતુએ દાટ વાળતાં જિલ્લાના ૨ લાખથી વધુ લોકો વાયરલ બિમારીની ઝપેટમાં આવી જતાં જિલ્લાની હોસ્પિટલો-દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. પેરાસીટામોલ-એન્ટીબાયોટીક દવાઓના વેચાણમાં ૧૦ ગણો ઉછાળો આવ્યો છે.

કોરોનાની ત્રીજી લ્હેર ઉપર અંકુશ મેળવવાના તંત્રના દાવા વચ્ચે જિલ્લામાં વાયરલ બિમારીનો અજગરી ભરડો જોવા મળ્યો. પાછલા ૪ દિવસથી બાયડ-ધનસુરા-મોડાસા-માલપુર-તલોદ-પ્રાંતિજ-હિંમતનગર-વડાલી-ઈડર-ખેડબ્રહ્મા-પોશીના-વિજયનગર-ભિલોડા તાલુકામાં પ્રજાને તાવ-શરદી-ઉધરસની ફરીયાદો વધી છે. મિશ્ર ઋતુના કારણે વાયરલ રોગચાળો વકરી ચૂક્યો છે. કેટલાક કેસમાં વાયરલ રોગચાળામાં કોરોના સસ્પેકટેડ કેસ હોવાનું પણ અનુમાન છે. પરંતુ ખાનગી ડૉકટરો વાયરલ બિમારીના નેજા હેઠળ તેની સારવાર કરતા હોવાથી કોરોના ત્રીજી લ્હેરના સાચા આંકડા બહાર આવતા નથી. જિલ્લામાં જે રીતે વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યુ છે તે જોતાં ધો. ૯ થી ૧૨ ની પ્રિલીમ પરીક્ષામાં તેની બિપરીત અસર પડી શકે છે. જિલ્લાના ખાનગી તબીબોના જણાવ્યા અનુસાર પ્રથમવાર મોટી સંખ્યામાં વાયરલ બિમારીમાં પટકાયેલા દર્દીઓ જોવા મળી રહ્યા છે જે ચિંતાનો વિષય છે. વાયરલ દર્દીએ વધુ પડતો આરામ કરવાની સાથે પાણીનું વધુ પડતું સેવન કરવું હિતાવહ હોવાનું ડૉક્ટરો જણાવી રહ્યા છે.

# ગરીબ કલ્યાણ મેળા સાથે મહેસૂલ મેળાના આયોજન

### જિલ્લામાં સંક્રમણ યથાવત તોય તંત્ર સરકારી મેળા યોજશે

બાયડ, તા. ૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક બની રહી છે છતાં સરકારીતંત્ર મેળા યોજવાની તૈયારીમાં ગુંથાયું છે. ગરીબ કલ્યાણ મેળાની સાથે હવે મહેસૂલ મેળા યોજવાની જાહેરાત થઈ છે. સૌ પ્રથમવાર મહેસૂલ વિભાગે નવતર અભિગમ અપનાવ્યો છે. જેના કારણે ટૂંક સમયમાં જ બંને જિલ્લામાં સરકારી મેળાઓની મોસમ જામી શકે છે.

કોરોનાના રોજ નવા કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાઈ રહ્યા છે. સંક્રમણ કાબુમાં હોવાના દાવા ધરાર ખોટા સાબિત થઈ રહ્યા છે. શહેરી વિસ્તારની સાથે હવે ગામડાઓમાં પણ નવા પોઝિટિવ કેસ સામે આવતા હોય છે. સાબરકાંઠામાં ૨૩૧ અને અરવલ્લી જિલ્લામાં હજુય ૧૨૨ એક્ટિવ કેસ નોંધાયેલા છે ત્યાં હવે વહીવટીતંત્ર સરકારી મેળા યોજવા સજ્જ બન્યું છે. સરકારે અગાઉ રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળા યોજવાની કરેલી જાહેરાત વચ્ચે હવે મહેસૂલ મેળા યોજવા માટે પણ જાહેરાત કરવામાં આવી છે. દરેક જિલ્લાઓમાં આગામી સમયમાં આ મેળાઓનું આયોજન તબક્કાવાર રીતે થવાનું હોવાથી બંન્ને જિલ્લાનું વહીવટીતંત્ર હવે સરકારી મેળાઓની તૈયારીમાં પરોવાઈ ગયું છે. જિલ્લામાં એક તરફ સરકાર સંક્રમણને અંકુશમાં રાખવા માટે ગાઈડલાઈનના ચૂસ્ત અમલની તરફેણ કરે છે ત્યાં બીજી તરફ સરકારી કાર્યક્રમોના આયોજનના કારણે સંક્રમણની સ્થિતિ વધુ ચિંતાજનક ન બને તો જ નવાઈ હશે.



## ગુજરાત રાજ્ય દ્વારા ૧૦ કરોડ વેક્સિનેશનની કામગીરીને અભિનંદન, આકાશમાં ફુગ્ગા ઉડાડી ઉજવણી કરાઈ

ગુજરાત સરકાર દ્વારા દસ કરોડ લોકોને કોરોના પ્રતિરોધક રસીકરણ કરવામાં સફળતા મળી છે. આ સિધ્ધિને ઉજવવા અને આરોગ્ય કર્મિઓનો ઉત્સાહ વધારવા સાબરકાંઠા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં આકાશમાં રંગબેરંગી ફુગ્ગાઓ ઉડાળીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાએ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની વેક્સિનેશનની ઉમદા કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા ફ્રન્ટ લાઈન વર્કર અને જાહેર જનતાને કોરોના પ્રતિરોધક વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવી ત્યારથી લઈને આજ સુધીમાં દસ કરોડ લોકોનું વેક્સિનેશન કરવામાં આવ્યું છે. જે પૈકી સાબરકાંઠા જિલ્લામાં કિશોરોના બંને ડોઝ, એડલ્ટના બંને ડોઝ અને સિનિયર સિટીઝનના પ્રિકોશન ડોઝ સહિત કુલ ૨૨,૪૫,૫૫૦ વેક્સિનેશન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ડામોર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજેશ પટેલ, ડૉ.પ્રણામી તેમજ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી સરસ્વતી વિદ્યાલય, રમાસની યશ કલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું

સરસ્વતી વિદ્યાલય,રમાસ, તાલુકો બાયડ ને શાળાના નામકરણ માટે રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ રું પુરા નું દાન પ્રાપ્ત થતાં શાળા પરિવાર અને નવયુવક કેળવણી, મંડળ ખુશાલી છવાઈ હતી. સરસ્વતી વિદ્યાલય રમાસ તાલુકો બાયડ ને રમાસ ગામના અને વર્ષોથી અમદાવાદ ખાતે સ્થાયી થયેલા શેઠ શ્રી અરવિંદ કુમાર એમ. શાહ તથા શેઠ શ્રી વલ્લભદાસ એમ. શાહ પરિવાર દ્વારા તેમના પૂજ્ય પિતાશ્રી સ્વ. શેઠ શ્રી મૂલચંદદાસ રવચંદદાસ શાહ તથા માતૃશ્રી સ્વ. શારદાબા મૂલચંદદાસ શાહ ના સ્મરણાર્થે રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- નું માતબર કહી શકાય તેવું દાન પ્રાપ્ત થયેલ છે.... સ્વ. શેઠ શ્રી મૂલચંદદાસ આર. શાહ ના પરિવારજનો દ્વારા અગાઉ પણ શાળાને રૂપિયા ૬૫,૦૦૦ રું. નુ દાન પ્રાપ્ત થયેલ હતું.... શાળાની વિવિધ પ્રવૃત્તિઓને અને શાળાના ઉત્સાહી પ્રિન્સીપાલ શ્રી ઉન્મેષભાઈ પટેલની કામગીરીને ધ્યાનમાં રાખીને અત્યાર સુધી માં ઘણા બધા દાતાશ્રીઓએ શાળા ઉપર પોતાનો હેત વરસાવ્યો છે શાળાને મળેલા આ મોટા દાનથી હવે શાળાનું નામકરણ શ્રી એમ.આર.શાહ સરસ્વતી વિદ્યાલય, રમાસ કરવામાં આવશે.....શાળાને મળેલું આ દાન શાળાને સુંદર અને શ્રેષ્ઠ બનાવવાના સ્વપ્નને સાકાર કરવામાં ખૂબ મોટું પ્રેરકબળ બની રહેશે.... ત્યારે ગ્રામ્ય વિસ્તારની છેવાડાની આવી નાની શાળા દર વર્ષે રાજ્ય કક્ષાએ કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ભાગ લઈ રહી છે અને શાળાની આ પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને વિવિધ દાતાઓ સતત તેમના આશીર્વાદ શાળા ઉપર વરસાવતા રહ્યા છે તે રમાસ ગ્રામ તેમજ બાયડ તાલુકા માટે આનંદ અને ગૌરવની વાત છે.... શ્રી નવયુવક કેળવણી મંડળના ચેરમેન કાન્તીભાઈ આર. પટેલ, મંત્રીશ્રી સુનિલ ભાઈ પટેલ, પૂર્વ પ્રિન્સીપાલ પી. એમ. પટેલ, કેળવણી મંડળના સૌ સભ્યો તેમજ શાળાના સૌ કર્મચારીઓ વગેરે એ દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર માન્યો હતો.



## સાબરકાંઠા-અરવલ્લીમાં મોલો મસીના ઉપદ્રવે પ્રજા વાહનચાલકોને અકળાવ્યા

### ભોજન સમારંભમાં મોલોનો ત્રાસ, ભોજનનો વેડફાટ

બાયડ, તા. ૧૧

જિલ્લામાં રવિ પાક તૈયાર થતાં કાપણીની શરૂઆત અને ગરમીનો પારો ઉંચકાતાં છેલ્લા ૪ દિવસથી મોલો-મસીના ઉપદ્રવે પ્રજા વાહનચાલકોને અકળાવી દીધા છે. ભોજન સમારંભમાં મોલોનો ત્રાસ અસહ્ય થતાં ભોજનનો બગાડ થઈ રહ્યો છે.

દર વર્ષે ફેબ્રુઆરી માસમાં મોલોમસી જીવાતનો ત્રાસ અસહ્ય થઈ જાય છે. ખાસ કરીને રાયડાનો પાક તૈયાર થયા પછી કાપણી થાય એટલે મોલોમસી જીવાત ઉડતી થાય છે. છેલ્લા ૪ દિવસથી બાયડ-ધનસુરા-મોડાસા-તલોદ-પ્રાંતિજ-હિંમતનગરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મલોમસીનો એટલી હદે ત્રાસ વધ્યો છે કે પ્રજાએ પીળા-સફેદ વસ્ત્રો પહેરવાનું બંધ કરી દીધુ છે.

જ્યારે બગાસુ ખાવામાં પણ સાવધાની રાખવી પડે તેવી સ્થિતિ મોલોમસીના જીવાતે લાવી દીધી છે. હાલ લગ્નની મોસમ ચાલી રહી છે ત્યાં ભોજનડીસમાં મોલોમસી મિસાઈલની માફક ખાબકતાં અનેક લોકો ભોજન ડીસ પડતી મુકી રહ્યા છે. જિલ્લામાં આગામી ૧૦ દિવસ સુધી મોલોમસીનો ઉપદ્રવ હાવી રહી શકે છે.

ટચુકડી જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧